**પરિપત્રઃ-**

**વિષયઃ સરકારી યુનિવર્સિટીના સંકલનમાં “સેતુ” કાર્યક્રમના અમલીકરણ બાબત.**
**સંદર્ભઃ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૮/૧૧/૨૦૨૪ના પત્ર અન્વયે.**

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ સાથે સામેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં સંદર્ભ વાળા પત્ર અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગની વડી કચેરી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા નિયામક, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના સંકલનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નાં મુદ્દાઓને ધ્યાનમાં રાખી “સેતુ (SETU)” Sustaining Equality Through Universities/College અમલી બનાવેલ છે.

કાર્યક્રમ અંતર્ગત સમાવિષ્ટ સરકારી તમામ (૧૪) સરકારી યુનિવર્સિટીઓએ યુનિવર્સિટી સ્તરે જાતિગત બાબતે સંવેદનશીલતા લાવવા માટે નિયત કરેલ કાર્યક્રમો યોજવાના હોય, જેમાં અત્રેની યુનિવર્સિટી ખાતે “સેતુ (SETU)” (Sustaining Equality Through Universities) કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર હોય, જેમાં દરેક કોલેજ/સંસ્થામાંથી ફરજીયાત બે વ્યક્તિઓ (એક પુરૂષ તથા એક મહિલા કર્મચારી)ને આ કાર્યક્રમમાં સહભાગી થવાનું રહેશે. આ કાર્યક્રમમાં સહભાગી થનાર કર્મચારીશ્રીની વિગતો નીચેની ગુગલ લિંક મારફતે **તા:૧૫/૦૨/૨૦૨૫** સુધીમાં ભરવાની રહેશે.જેનું રજીસ્ટ્રેશન કરાવેલ હશે તે કર્મચારીને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમ **તા:૧૯/૦૨/૨૦૨૫** નક્કી કરવામાં આવેલ છે.જેની સર્વે દ્વારા નોંધ લેવી.

**નોંધ:ગુગલ ફોર્મમાં જે નામ સૂચિત હશે તે જ નામનું પ્રમાણપત્ર આપવામાં આવશે.કાર્યક્રમની રૂપરેખા,સમય તથા સ્થળ માટે પરિપત્રથી જાણ કરવામાં આવશે.**

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

**કા.કુલસચિવ**

**બિડાણઃ-**

સંદર્ભપત્રની નકલ.

- રજીસ્ટ્રેશન માટેની લિંક:- https://forms.gle/cZc1TqH2jdvyEymd6

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૧૬/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૩/૦૨/૨૦૨૫

**પ્રતિ,**

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાનાઃ-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થેઃ-**

(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં.૧૨, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

તા: ૨૮/૧૧/૨૦૨૪

પ્રતિ

**રજીસ્ટ્રારશ્રી**

**સરકારી યુનીવર્સીટી**

**ગુજરાત રાજ્ય**

**વિષય : સરકારી યુનીવર્સીટીના સંકલનમાં "સેતુ" કાર્યક્રમના અમલીકરણ બાબતે**

આપ સૌ સુવિદિત છો તેમ, મહિલા અને બાળ વિકાસ વિભાગની વડી કચેરી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા નિયામક, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના સંકલનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના મુદ્દાઓને ધ્યાનમાં રાખી "સેતુ (SETU)" Sustaining Equality Through Universities/College અમલી બનાવેલ છે.

કાર્યક્રમ અંતર્ગત સમાવિષ્ટ સરકારી તમામ (૧૪) સરકારી યુનીવર્સીટીએ યુનીવર્સીટી સ્તરે જાતિગત બાબતે સંવેદનશીલતા લાવવા માટે નિયત કરેલ કાર્યક્રમો યોજવાના રહેશે. જે માટે જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પ્રતિ યુનીવર્સીટી રૂ.૨,૦૦,૦૦૦/- યુનીવર્સીટીને ફાળવવામાં આવશે.

કાર્યક્રમમાં સમાવિષ્ટ તમામ યુનીવર્સીટીના વાઈસ ચાન્સેલરશ્રીઓ એ કાર્યક્રમ માટે અલાયદા નોડલ અધિકારીશ્રીની નિયુક્તિ કરવાની રહેશે. યુનીવર્સીટી સ્તરે નિયુક્ત કરેલ નોડલ અધિકારીશ્રી દ્વારા સેતુ પ્રોગ્રામના આ સાથે સામેલ પરિપત્ર પ્રમાણે જેન્ડર રિસોર્સ સેન્ટરના સંકલનમાં રહી સેતુ પ્રોગ્રામનું અમલીકરણ કરવાનું રહેશે, સાથેજ આ કાર્યક્રમ માટે ફાળવેલ નાણાનો ચાલુ નાણાકીય વર્ષમાં (ફેબ્રુઆરી ૨૦૨૫) વપરાશ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(અધિક નિયામક)

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી

ગુ.રા., ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

નકલ જાણ અર્થે રવાના : નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર

GENERAL REGISTER
Inward No. 8120
Date 30/11/24

GRC/SETU-Uni./2024/69
યુનીવર્સીટી મારફતે યુવાનો અને સ્ટાફમાં જાતિગત બાબતે જાગૃતિ લાવવા તેમજ તેને મુખ્યપ્રવાહમાં ("જેન્ડર મેઈનસ્ટ્રીમીંગ") સમાવિષ્ટ કરવા અંગેનો સેતુ કાર્યક્રમ.

**જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના સંકલનમાં અમલી "સેતુ કાર્યક્રમ"**

સેતુ (SETU)

Sustaining Equality Through Universities

## પરિપત્ર :

જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) એ મહિલા અને બાળ વિકાસ વિભાગની સ્વાયત્ત સંસ્થા છે. જે દ્વારા રાજ્યમાં જાતિગત સમાનતાને પ્રસ્થાપિત કરવા માટે વિકાસના દરેક ક્ષેત્રોના આયોજન, અમલીકરણ અને બજેટની પ્રકિયા અને વિકાસના મુખ્ય પ્રવાહમાં જાતિગત બાબતનો સમાવેશ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. જાતિગત બાબતને મુખ્યધારામાં લાવવા માટે જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા સંશોધન, ક્ષમતાવર્ધન, પ્રચાર-પ્રસાર અને હિમાયતની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ હિતધારકો, સામુદાયિક સંગઠનો, આગેવાનો અને જાહેર જનતાને જાતિગત બાબતે સંવેદનશીલ બનાવી જાતિગત બાબતને વિકાસના મુખ્યપ્રવાહમાં લાવવા બાબતે ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવે છે.

જાતિગત બાબત એ માનસિકતા સાથે જોડાયેલ છે, જેમાં બદલાવ લાવવાની પ્રકિયા ખુબજ લાંબી અને પડકારરૂપ છે. જાતિગત અસમાનતા, ભેદભાવો અને હિંસા અંગેની માનસિકતામાં બદલાવ લાવવા અને રાજ્યમાં જાતિગત સમાનતાને સ્થાપિત કરવા માટે યુવાનોને લક્ષ્યમાં રાખી ▯સેતુ▯ કાર્યક્રમનું આયોજન કરેલ છે. અનુભવોના આધારે એ બાબત સાર્થક થઇ છે કે, કોઈ પણ બદલાવ લાવવામાં યુવાનોની ભૂમિકા નિર્ણાયક અને મહત્વની હોય છે. આ અનુભવને લક્ષ્યમાં રાખી અત્રેની કચેરી દ્વારા રાજ્યની યુવા (યુવક અને યુવતીઓ) પેઢીને જાતિગત બાબતે સંવેદનશીલ બનાવવા અને તે માટે તેઓને સક્રિય કરવાના ઉદ્દેશ્ય થી "સેતુ – SETU" Sustaining Equality Through Universitiesપ્રોગ્રામ તૈયાર કરેલ છે.

## સંદર્ભ

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦

૪.૪ શિક્ષણનો મુખ્ય ધ્યેય માત્ર બોધાત્મક વિકાસ જ નહિ, પણ ચારિત્ર્યનું નિર્માણ, વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ અને ૨૧મી સદી માટે જરૂરી બધા કૌશલ્યોથી સજ્જ વ્યક્તિઓનું નિર્માણ

કરવાનો રહેશે. પૂર્વપ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોક્કસ પ્રકારના મૂલ્યો અને કૌશલ્યોની યાદી તૈયાર કરી તે વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે એ માટે વિશિષ્ટ શિક્ષણ પ્રક્રિયાઓ વિકસિત કરવામાં આવશે

૪.૨૮ વિદ્યાર્થીઓને "જે યોગ્ય છે તે કરવાનું મહત્વ" શીખવવામાં આવશે અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળખું અને ઘડતર કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ ને પોતાના જીવનનું સંચાલન કરવામાં, નીતિગત/નૈતિક મૂલ્યોને અપનાવવા સક્ષમ બનાવી શકાય, પોતાના નૈતિક મુદ્દાઓ અંગેના મત/દલીલને બહુવિધ દૃષ્ટિકોણથી સમજી શકે

૬.૧૯ શિક્ષણ પ્રણાલીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ, શિક્ષક, આચાર્ય, વહીવટી અધિકારી, સલાહકાર, વિદ્યાર્થીઓ બધાજ અન્ય વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બને તે સાથેજ સમાનતા, સન્માન, ગોપનીયતા જેવી બધીજ બાબતોને આવકારે તો જ આગળ જતા સમાવેશ, સમાનતા અને સન્માન જેવી જરૂરિયાતો પૂરી કરી શકાય.

૬.૨૦ આ શિક્ષણ પ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવામાં આવશે જે માટેની પ્રક્રિયા શાળાકીય સંસ્કૃતિ, શિક્ષકો અને તાલીમ પામેલ સામાજિક કાર્યકરો તેમજ સલાહકારોની મદદથી તેમજ અભ્યાસક્રમોમાં પરિવર્તન લાવીને તેને અનુરૂપ ફેરફાર કરીને હાથ ધરવામાં આવશે. આ શાળાકીય અભ્યાસક્રમોમાં પહેલેથી જ માનવીય મૂલ્યો જેવા કે બધા લોકો માટે આદર, સહાનુભૂતિ, સહિષ્ણુતા, માનવધિકાર, જાતિગત સમાનતા, વૈશ્વિક નાગરિકત્વ, અને સમાનતા મુખ્ય છે. લોકો વિવિધતાને અપનાવે, રૂઢિગત વિચારસરણીથી દૂર રહી બધા જ સમુદાયો એક વિશાળ સમાજમાં સમરૂપ બની શકે, તે માટેના પ્રયત્નો હાથ ધરાશે.

### યુનીવર્સીટી ગ્રાન્ટ કમીશન, ન્યુ દિલ્હીની વીમેન ડેવેલોપમેન્ટ સેલ અંગેની માર્ગદર્શિકા

**Guidelines on Basic Facilities and Amenities for Safe Secure Environment for Women and Women Cell (for Sensitization, Policy Implementation, Monitoring and Grievance Redressal) In Higher Educational Institutions, University Grant Commission, New Delhi**

યુનીવર્સીટી ગ્રાન્ટ કમીશન દ્વારા મહિલાઓ માટેના સુરક્ષિત વાતાવરણ તૈયાર કરવા તેમજ વીમેન સેલ ની રચના કરવા અંગેની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા માટેની માર્ગદર્શિકામાં સૂચવેલ મુદ્દાઓમાંથી નીચેના મુદ્દાઓ આ કાર્યક્રમ સબંધિત છે, જેને ધ્યાને લેવું આવશ્યક બને છે.

૧૬. કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩ની જોગવાઈ પ્રમાણે દરેક કોલેજ/યુનીવર્સીટીમાં આંતરિક સમિતિ (IC) ની રચના થયેલ હોવી જોઈએ.

૧૭. આંતરિક સમિતિની માહિતીના બોર્ડ દરેક દરેકને દેખાય તે પ્રકારે દરેક શૈક્ષણિક સંસ્થા અને હોસ્ટેલમાં લગાવવાના રહેશે, જેમાં સમિતિના સભ્યોની માહિતી અને ફરિયાદ કરવા માટેના વિશેષ ઈમેલનો સમાવેશ કરેલ હશે.

૧૮. કામકાજના સ્થળે જાતીય સતામણી અને જાતિગત ભેદભાવો અને હિંસા સામે યુનીવર્સીટી / કોલેજે ઝીરો ટોલરન્સ પોલીસી અપનાવવાની રહેશે

૧૯. યુનીવર્સીટી/કોલેજોમાં જેન્ડર સેન્સીટાઈઝેશનના સેમીનાર, તાલીમ, એક્ઝીબીશન, ચર્ચા, સંવાદ ફિલ્મ-શો વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે

## પ્રોગ્રામનો હેતુ

1. વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને વહીવટકર્તાઓને જાતિગત મુદ્દાઓ અંગે જાગૃત કરવા અને સંવેદનશીલ બનાવવા
2. યુનીવર્સીટી/કોલેજોમાં વિદ્યાર્થીનીઓ અને મહિલા પ્રોફેસરોની સુરક્ષા અને સન્માન માટેના જરૂરી પગલાંઓ સુનિશ્ચિત કરવા
3. યુનીવર્સીટી/કોલેજ મારફતે જન સમુદાયમાં જાતિગત બાબતે જાગૃતિ અને સંવેદનશીલતા લાવવી

## સમયમર્યાદા

- સેતુ કાર્યક્રમ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધી રહેશે
- આગામી વર્ષે કાર્યક્રમ અને યુનીવર્સીટીની કામગીરીની સમીક્ષા કરી કાર્યાન્વિત કરવામાં આવશે

## પ્રવૃત્તિઓ

આ પ્રોગ્રામમાં પસંદ કરેલ યુનીવર્સીટી દ્વારા સેતુ પ્રોગ્રામ અંતર્ગત નિયત કરેલ વિષયે સેમીનાર યોજવાના થાય છે, યુનીવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમોના અમલીકરણની વિસ્તૃત માર્ગદર્શિકા નીચે મુજબ છે, જેને આ પ્રોગ્રામમાં સમાવિષ્ટ તમામ યુનીવર્સીટીએ અનુસરવાની રહે છે.

### ૧. સેમીનાર/ઓરીએન્ટેશન (ફેકલ્ટી અને સ્ટાફ)

- યુનીવર્સીટી દ્વારા તેઓ સાથે સંલગ્ન કોલેજના પ્રોફેસરો અને કર્મચારીઓ માટે અલાયદા કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે, જે માટે ફાળવેલ કુલ રકમમાંથી મહત્તમ રૂ.૧,૦૦,૦૦૦/- ખર્ચ કરી શકાશે

### ૨. સેમીનાર/ઓરીએન્ટેશન (વિદ્યાર્થીઓ)

- યુનીવર્સીટી તેમજ તેઓ સાથે સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ માટે અલાયદા કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે, જે માટે ફાળવેલ કુલ રકમમાંથી મહત્તમ રૂ.૧,૦૦,૦૦૦/- ખર્ચ કરી શકાશે

## પ્રવૃત્તિઓના અમલીકરણ માટે અનુસરવાની કાર્યરીતી

- કાર્યક્રમ યુનીવર્સીટી સ્તરે જ યોજવાનો રહેશે
- નીચે દર્શાવેલ વિષયોમાંથી વિષયની પસંદગી કરી તે વિષય ઉપર કાર્યક્રમ યોજવાનો રહેશે
    1. જેન્ડર & ડેવલોપમેન્ટ
    2. જાતિગત ભેદભાવ અને હિંસા

3. મહિલાલક્ષી કાયદાઓ (The PoSH Act 2013) અને યોજનાઓ
4. સામાજિક અને વર્તનમાં બદલાવ (Social & Behavioural Change)

- ફાળવેલ રકમનો ઉપયોગ વિષય નિષ્ણાતના માનદ વેતન, બેનર, રીફ્રેશમેન્ટ તેમજ કીટ તેમજ અન્ય કાર્યક્રમ સબંધિત બાબતો માટે કરવાનો રહેશે
- યોજેલ કાર્યક્રમની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવાની રહેશે.
- યુનીવર્સીટીના અન્ય કાર્યક્રમો સાથે આ કાર્યક્રમ ને જોડવાનો રહેશે નહિ, આ પ્રકારે રજુ કરેલ ખર્ચ માન્ય રહેશે નહિ.
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટરને સેમીનાર પૂર્ણ થયાના ૧૫ દિવસમાં સેમીનારના ફોટોગ્રાફ, વિડીયો રેકોર્ડીંગ સાથેનો વિસ્તૃત અહેવાલ તેમજ ખર્ચની વિગતો (બીલની નકલ) મોકલી આપવાની રહેશે
- **પ્રત્યેક યુનીવર્સીટી એ વિદ્યાર્થીઓ સાથે તેમજ યુનીવર્સીટી સાથે સંલગ્ન કોલેજના પ્રોફેસરો અને સ્ટાફ માટે (અલાયદો) સેમીનાર યોજવાના રહેશે, જે માટે યુનીવર્સીટી દીઠ રૂ.૨,૦૦,૦૦૦/- ની રકમ ફાળવવામાં આવશે**
- **સેમીનાર યોજાયા બાદ જેન્ડર રિસોર્સ સેન્ટરના ઉલ્લેખ સાથેની પ્રેસનોટ સ્થાનિક પ્રિન્ટ/સોશિયલ/ચેનલમાં રજુ કરી બહોળો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે તેમજ તેની વિગતો (પ્રેસનોટ/વિડીયો વિગેરે) અત્રેની કચેરીને ઈ-મેલ** grc@gujarat.gov.in **માં મોકલી આપવાની રહેશે.**

## ભૂમિકા

1. **જેન્ડર રિસોર્સ સેન્ટર**
   - સેતુ પ્રોગ્રામનું આયોજન, અમલીકરણ અને નાણાકીય ફાળવણી અને તેનું સંચાલન કરવું
   - પ્રોગ્રામ સાથે જોડાયેલ યુનીવર્સીટી/કોલેજના નોડલ અધિકારીને કાર્યક્રમલક્ષી અને વહીવટી માહિતી, માર્ગદર્શન તેમજ જરૂરી તકનીકી સહયોગ આપવો આ ઉપરાંત વાંચન સામગ્રીની સોફ્ટકોપી પૂરી પાડવી
   - પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી સાથે સંકલન કરવું
   - સેતુ પ્રોગ્રામમાં સમાવિષ્ટ યુનીવર્સીટી/કોલેજોમાં વીમેન ડેવેલોપમેન્ટ સેલ ને સુદ્રઢ અને સક્રિય (ક્ષમતા વિકાસ)કરવી.
2. **નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની ભૂમિકા**
   - સેતુ પ્રોગ્રામમાં સમાવિષ્ટ થવા યુનીવર્સીટી/કોલેજો ને પ્રોત્સાહિત કરવા તેમજ વહીવટી નિર્દેશ આપવા
   - યુનીવર્સીટી/કોલેજોની પસંદગીમાં તેમજ તકરારની સ્થિતિમાં સહાયક બનવું

3. યુનીવર્સીટી/કોલેજની ભૂમિકા

- સેતુ પ્રોગ્રામ માટેના ખાસ નોડલ અધિકારી/પ્રોફેસરની નિયુક્તિ કરવી અને પ્રોગ્રામનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવું
- સેતુ પ્રોગ્રામ અંતર્ગત આયોજિત કાર્યક્રમોમાં જીઆરસીના અધિકારીને મહેમાન તેમજ વિષય નિષ્ણાત તરીકે આમંત્રિત કરવા.
- સેતુ પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, સ્ટાફ, સ્થાનિક આગેવાનો અને સમુદાયમાં જાતિગત સંવેદનશીલતા કેળવવા માટેના પ્રયત્નો કરવા
- સેતુ પ્રોગ્રામ સિવાય યુનીવર્સીટી સ્તરની અન્ય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં જાતિગત વિષયોનો સમાવેશ કરવો
- સેતુ પ્રોગ્રામમાં દર્શાવ્યા પ્રમાણેની પ્રવૃત્તિઓનું અમલીકરણ કરવું તેમજ તે સબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવી
- કાર્યક્રમોનું દસ્તાવેજીકરણ કરવું અને તેની વિગતો રજુ કરવી
- પ્રોગ્રામ અંતર્ગત ફાળવેલ નાણાકીય રકમનું સંચાલન અને વ્યવસ્થાપન કરવું તેમજ સમયસર પૂર્ણ ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવું

## નાણાકીય જોગવાઈ અને અનુસરવાની કાર્યરીતી

**પ્રવૃત્તિઓ અને સંભવિત બજેટ**

- યુનીવર્સીટી એ વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી+સ્ટાફ સાથે અલાયદા કાર્યક્રમો યોજવાના રહેશે
- પ્રતિ યુનીવર્સીટી મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦/- ફાળવવામાં આવશે, જેમાંથી રૂ.૧,૦૦,૦૦૦/- વિદ્યાર્થીઓ તેમજ રૂ.૧,૦૦,૦૦૦/- ફેકલ્ટી તેમજ સ્ટાફ માટેના કાર્યક્રમ માટે ખર્ચ કરવાના રહેશે
- તમામ યુનીવર્સીટી દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં ફાળવેલ રકમનો વપરાશ કરવાનો રહેશે.

## નાણાકીય બાબતો અંગે અનુસરવાની કાર્યરીતી (ધારા-ધોરણો)

- સેતુ કાર્યક્રમની વહીવટી મંજુરી મળ્યેથી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા નીચે પ્રમાણે રકમની ફાળવણી કરવામાં આવશે
  - યુનીવર્સીટી દીઠ ફાળવવાની થતી કુલ રકમના ૮૦% (પ્રતિ યુનીવર્સીટી રૂ.૧,૬૦,૦૦૦/-) એડવાન્સમાં ફાળવવામાં આવશે
  - કુલ રકમની બાકીની ૨૦% રકમ (પ્રતિ યુનીવર્સીટી રૂ.૪૦,૦૦૦/-) યુનીવર્સીટી દ્વારા તમામ પ્રવૃત્તિઓ પૂર્ણ કર્યેથી, તેના પ્રમાણિત કરેલ બીલો (બીલની નકલ) અને સાધનિક વિગતો (કાર્યક્રમનો અહેવાલ અને ફોટોગ્રાફ) તેમજ અસલ યુટીલાઈઝેશન સર્ટીફીકેટ (UTC) રજુ કર્યેથી ચુકવવામાં આવશે.

- પ્રોગ્રામ અંતર્ગત થયેલ ખર્ચના બીલો યુનીવર્સીટીના સત્તાધિકારી/હિસાબી અધિકારી દ્વારા પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે.

- આ પ્રોગ્રામ અંગે કરવાના થતા ખર્ચ અંગે સરકારી ધારા-ધોરણ/નિયમો તેમજ નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે
- આ પ્રોગ્રામ અન્વયે ફાળવેલ રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ તેમજ બચત રહેતી રકમ વર્ષ આખરે (માર્ચ ૨૦૨૫) નિયામક, જેન્ડર રિસોર્સ સેન્ટરના નામે ચેક થી પરત કરવાની રહેશે
- સેતુ પ્રોગ્રામ અંતર્ગત આયોજિત દરેક કાર્યક્રમના બેનરમાં જેન્ડર રિસોર્સ સેન્ટરનો લોગો અને નામ ફરજીયાતપણે રાખવાનું રહેશે તેમજ પ્રોગ્રામના પ્રચાર-પ્રસાર માટે સ્થાનિક સમાચારપત્રો/સોશિયલ મીડિયા તેમજ ચેનલમાં આપેલ માહિતીમાં જેન્ડર રિસોર્સ સેન્ટરનો અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે.
- આ પ્રોગ્રામ અંગે મળેલ રકમ અને તેના હિસાબોના વ્યવસ્થાપન માટે અલાયદું બેંક ખાતું રાખવું હિતાવહ ભરેલ છે, પરંતુ GRC દ્વારા અલાયદા બેંક ખાતા માટે આગ્રહ રાખવામાં નથી આવતો, યુનીવર્સીટી પોતાના નિયમિત બેંક ખાતામાં આ પ્રોગ્રામનો હિસાબ રાખી શકે છે.
- પ્રોગામ અંતર્ગતના કાર્યક્રમોનું આયોજન નિયત કરેલ વર્ષમાં જ કરવાનું રહેશે.
- યુનીવર્સીટીના નાણાકીય ધારા-ધોરણમાં બાધ્ય ના હોય તો, આ પ્રોગ્રામ અંતર્ગતની આવશ્યક સેવાઓ કે સુવિધા માટે યુનીવર્સીટીને સ્થાનિક વેન્ડરની પસંદગી કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.
- પ્રોગ્રામ અંતર્ગત દરેક પ્રવૃત્તિ માટે નિયત કરેલ રકમની જ ફાળવણી કરવામાં આવશે, કોઈપણ શરતે નિયત કરેલ રકમ થી વધુ રકમની ફાળવણી કરવામાં આવશે નહી.
- પ્રોગ્રામના અમલીકરણ બાબતે નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા પાઠવેલ પત્ર દ્વારા સમયાંતરે કરેલ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

## રીપોર્ટીંગ અને મોનીટરીંગ

- રીપોર્ટીંગનું માળખું
    - આ પ્રોગ્રામના અસરકારક રીપોર્ટીંગ અને મોનીટરીંગ માટે યુનીવર્સીટી દ્વારા આ પ્રોગ્રામ માટે અલાયદા નોડલ અધિકારી/પ્રોફેસરની નિયુક્તિ કરવાની રહેશે
    - યુનીવર્સીટીએ પ્રોગ્રામમાં દર્શાવેલ પ્રવૃત્તિ નિયત સમયમાં હાથ ધર્યા બાદ ૧૫ દિવસમાં પ્રવૃતિનો ફોટોગ્રામ સાથેનો વિસ્તૃત અહેવાલ નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટરના નામે ઈમેલ મારફતે grc@gujarat.gov.inઉપર પત્ર સાથે મોકલી આપવાનો રહેશે

- યુનીવર્સીટી દ્વારા આ પ્રોગામ સબંધિત માહિતી કે માર્ગદર્શન માટે GRCમાં આ પ્રોગ્રામ માટેના નિયુક્ત અધિકારીશ્રી મહેન્દ્ર મકવાણા મો.૯૮૨૪૩૩૭૫૦૪ સાથે સંકલન કરવાનું રહેશે
- GRC દ્વારા જરૂર જણાયે આ પ્રોગ્રામના રીપોર્ટીંગ, સમીક્ષા કે તેની વધુ માહિતી માટે યુનીવર્સીટીના નોડલ અધિકારીશ્રી સાથે બેઠકનું આયોજન કરી શકે છે.

- મોનીટરીંગ માળખું
  - આ પ્રોગ્રામના મોનીટરીંગ માટે કોઈ વિશેષ બેઠકો કે માળખાની રચના કરેલ નથી, જરૂર જણાયે GRC દ્વારા નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના સંકલનમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવે તો તેમાં આ પ્રોગ્રામના નોડલ અધિકારીશ્રી/પ્રોફેસરે વિગતો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે
  - GRC દ્વારા આ પ્રોગ્રામની માહિતી કે તેના મોનીટરીંગની કામગીરી કરવામાં આવશે, જેમાં જરૂરી સહયોગ આપવાનો રહેશે.
  - GRC દ્વારા નિયુક્ત નોડલ અધિકારીશ્રી દ્વારા યુનીવર્સીટીની મુલાકાત લઇ પ્રોગ્રામનું મોનીટરીંગ કરી શકે છે.

- કાર્યક્ષેત્રઃ સેતુ કાર્યક્રમમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ સાથે સામેલ યાદી પ્રમાણેની સરકારી ૧૪ યુનીવર્સીટીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(અધિક નિયામક)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગાંધીનગર

(નિયામક)
જેન્ડર રિસોર્સ સેન્ટર
ગાંધીનગર